ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# સંશોધન પેપર – ભારતમાં મધ્યાહ્ન ભોજન યોજના

ઝાપડિયા હરદિપ અશ્વિનભાઇ

Research Scholar

Department of Economics

Saurashtra University, Rajkot

**સારાંશ :-**

મધ્યાહ્ન ભોજન યોજનાએ ભારત સરકારનું એક શાળા ભોજન કાર્યક્રમ છે. જે રાષ્ટ્રભરમા શાળા-વયના બાળકોની પોષણયુક્ત સ્થિતિ વધુ સારી બનાવવા માટે રચાયેલ છે. આ યોજનામાં સ્વાતંત્ર્ય પહેલા અને સ્વાતંત્ર્ય બાદની માહિતી પણ મેળવવામાં આવી છે. મધ્યાહ્ન ભોજન યોજનામાં મુખ્યત્વે પ્રાથમિક શાળા અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને સારું અને પોષણયુક્ત ખોરાક આપવામાં આવે છે તેનું માળખું, તેમાં રાંધણ પાછળ થતો ખર્ચ જેવી બાબતનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**મહત્વના શબ્દો :-**

- મધ્યાહ્ન ભોજન

**પ્રસ્તાવના :-**

મધ્યાહ્ન ભોજન યોજનાએ ખૂબ લાભદાયી યોજના છે. જે પ્રાથમિક સ્તરે ભણતા વિદ્યાર્થીઓને પૂરતો અને પૌષ્ટિક આહાર મળી રહે તથા કુપોષણમાં ઘટાડો થાય તે માટેના હેતુસરથી આ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં ત્રણ લક્ષ્ય રાખવામાં આવ્યા છે જેમાં (૧) બાળ પોષણ (૨) શૈક્ષણિક વિકાસ (૩) સામાજિક સમાનતા. આમ આ મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત બાળકો શાળામાં તેની સંખ્યામાં વધારો થાય અને તેની ઉન્નતી થાય તે ખૂબ સારી બાબત ગણાવી શકાય.

**સંદર્ભ સાહિત્ય**

વિશ્વજીત નાથ (૨૦૧૫) :-

જેમણે ૨૦૧૫માં મધ્યાહ્ન ભોજન યોજના કાર્યક્રમમાં તેની અસરો વિશેની માહિતી મેળવી હતી. ત્યારબાદ પ્રાથમિક શાળાના બાળકોની નોંધણી અને જાળવણીની રચના પર વિશેષ ભાર આપ્યો તેમાં શાળામાં બાળકોની સંખ્યામાં વધારો થાય અને કાળજીપૂર્વક જાળવણી થાય છે કે નહીં તે બાબતનું વિશ્લેષણ કરેલ છે.

રેણુકા બી. ચાવડા (૨૦૧૫-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ):-

જેમણે મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ રાજકોટના સંદર્ભમાં વિશે વિસ્તૃત માહિતી મેળવી છે. તેમણે આ યોજનામાં યોગ્ય માળખુ બનાવું કે જેમાં નિયમિત પણે શાળાઓમાં પૂરતો ખોરાક મળી રહે અને બાળકોને સારું ભોજન મળી રહે જેથી બાળક કુપોષણ જેવી બીમારીનો ભોગ ન બને તેનું વિશ્લેષણ કર્યું છે.

**હેતુઓ :-**

ભારતમાં મધ્યાહન ભોજન યોજનામાં આપવામાં આવતા પોષણયુક્ત ખોરાક નો અભ્યાસ કરવો.

ભારતમાં મધ્યાહન ભોજન યોજનામાં ખર્ચ વિશ્લેષણનો અભ્યાસ કરો.

**માહિતી એકત્રીકરણ :-**

માહિતી એકત્રીકરણ બે પ્રકારે કરવામાં આવે છે (૧) પ્રાથમિક માહિતી અને (૨) ગૌણ માહિતી. આ સંશોધન અભ્યાસમાં જરૂરી માહિતી ગૌણ માહિતી એટલે કે ગ્રંથાલય, ઇન્ટરનેટ અને દસ્તાવેજ સાહિત્યનો ઉપયોગ કરેલ છે.

**પૃથક્કરણ અને અર્થઘટન :-**

ભારતમાં મધ્યાહન ભોજન યોજનાનો ઇતિહાસ બે રીતે તપાસી શકાય છે.

**સ્વતંત્રતા પહેલા મધ્યાહન ભોજન યોજના:-**

સ્વતંત્રતા પહેલા ભારતમાં મધ્યાહન ભોજન યોજના બ્રિટિશ સરકારની ઉદારમતાવાદી નીતિને કારણે બ્રિટીશ સરકાર ૧૯૧૬ માં ગરીબ પરિવારના બાળકોને મફત ભોજન આપવા માટે સ્થાનિક કાઉન્સીલરોને પાવર આપવામાં આવ્યો હતો. આ રીતે તેની શરૂઆત કરવામાં આવી. ૧૯૧૪ સુધીમાં ૧,૫૮,૦૦૦ ઉપર બાળકોને મફત ભોજનનો લાભ પ્રાપ્ત થયો હતો પરંતુ આ મધ્યાહન ભોજન યોજના અંગ્રેજી શાળાઓના વિદ્યાર્થી પૂરતી જ મર્યાદિત હતી. ત્યારબાદ ૧૯૨૫ માં મદ્રાસ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વંચિત બાળકો માટે બ્રિટિશ વહીવટી દ્વારા આ યોજના દાખલ કરવામાં આવી હતી.

**સ્વતંત્રતા બાદ મધ્યાહ્ન ભોજન યોજના :-**

ઈ.સ.૧૯૫૦ માં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે UNICEF, FAO અને WTO નાં અધ્યક્ષપણા નીચે ઘણા બધા રાજ્યોએ MDM કાર્યક્રમ શરૂ કર્યો. આ ઉપરાંત કેટલીક આંતરરાષ્ટ્રીય દાન કરતી સંસ્થાઓ જેવી કે CRS,CWS,CARE,USAs for million વગેરે સંસ્થાઓ પણ આ મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ અંતર્ગત કાર્ય કરતી હતી.

**મધ્યાહ્ન ભોજન યોજનામાં ખર્ચ અંગેની માહિતી :-**

| ક્રમ | વિગત | પ્રાથમિક શાળા | ઉચ્ચ પ્રાથમિક શાળા |
|---|---|---|---|
| ૧ | બાળકોની સંખ્યા | ૧,૨૩,૯૦,૧૪૭ | ૩,૫૦,૪૨,૯૮૭ |
| ૨ | અનાજની ફાળવણી | ૧૭,૪૭,૯૨૩.૫૩ MTS | ૧૧,૧૨,૫૦૪.૨૬ MTS |
| ૩ | અનાજ કિંમત એફસીઆઇ દ્વારા | રૂ. ૯૬૧.૩૬ કરોડ | રૂ. ૬૧૧.૮૮ કરોડ |
| ૪ | રાંધણ ખર્ચ | રૂ. ૨૭૮૫.૫૩ કરોડ | રૂ. ૧૫૭૩.૦૫ કરોડ |
| ૫ | વાહન વ્યવહાર ખર્ચ | રૂ. ૧૩૭.૨૬ કરોડ | રૂ. ૮૮.૭૯ કરોડ |
| ૬ | સંચાલન અને નિરક્ષણ નો ખર્ચ | રૂ. ૬૯.૯૧ કરોડ | રૂ. ૪૦.૯૩ કરોડ |

- પ્રસ્તુત યોજનામાં ભારતમાં પ્રાથમિક શાળા અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનામાં કરવામાં આવેલ ખર્ચનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે .
- પ્રાથમિક શાળામાં ૧,૨૩,૯૦,૧૪૭ બાળકો અને જયારે ઉચ્ચ પ્રાથમિક શાળામાં ૩,૫૦,૪૨,૯૮૭ બાળકો આ યોજનાનો લાભ લેતા હતા.
- જેમાં પ્રાથમિક શાળામાં ૧૭,૪૭,૯૨૩.૫૩ MTS અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં ૧૧,૧૨,૫૦૪.૨૬ MTS અનાજની

ફાળવણી કરવામાં આવે છે.

- આ યોજનામાં અનુક્રમે રાંધણ ખર્ચ પાછળ ૨૭૮૫.૫૩ કરોડ અને ૧૫૭૩.૦૫ કરોડનો ખર્ચ કરવામાં આવે છે.
- આ યોજનામાં વાહનવ્યવહાર ખર્ચ અને સંચાલન અને નિરીક્ષણ ખર્ચ પણ વિસ્તુત પ્રમાણમાં કરવામાં આવે છે.

**ભારતમાં મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ વર્ષદીઠ ખર્ચ (કરોડ માં) :-**

| Financial Year | BE | RE | Releases |
|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૭૩૨૪.૦૦ | ૬૬૭૮.૦૦ | ૫૮૩૫.૪૪ |
| ૨૦૦૮-૦૯ | ૮૦૦૦.૦૦ | ૮૦૦૦.૦૦ | ૬૫૩૯.૫૨ |
| ૨૦૦૯-૧૦ | ૮૦૦૦.૦૦ | ૭૩૫૯.૧૫ | ૬૯૩૭.૭૯ |
| ૨૦૧૦-૧૧ | ૯૪૪૦.૦૦ | ૯૪૪૦.૦૦ | ૯૧૨૮.૪૪ |
| ૨૦૧૧-૧૨ | ૧૦૩૮૦.૦૦ | ૧૦૨૩૯.૦૧ | 9901.૯૧ |
| ૨૦૧૨-૧૩ | ૧૧૯૩૭.૦૦ | ૧૧૫૦૦.૦૦ | ૧૦૬૮૭.૯૦ |
| ૨૦૧૩-14 | ૧૩૨૧૫.૦૦ | ૧૨૧૮૯.૧૬ | ૧૦૯૨૭.૨૧ |
| ૨૦૧૪-૧૫ | ૧૩૨૧૫.૦૦ | ૧૧૦૫૦.૯૦ | ૧૦૫૨૬.૯૭ |
| ૨૦૧૫-૧૬ | ૯૨૩૬.૪૦ | ૯૨૩૬.૪૦ | ૯૧૫૧.૫૫ |
| ૨૦૧૬-૧૭ | ૯૭૦૦.૦૦ | ૯૭૦૦.૦૦ | ૯૪૮૩.૪૦ |
| ૨૦૧૭-૧૮ | ૧૦૦૦૦.૦૦ | - | ૯૦૯૫.૮૧ |
| ૨૦૧૮-૧૯ | ૧૦૫૦૦.૦૦ | - | ૯૪૩૩.૦૫ |

- પ્રસ્તુત કોષ્ઠકમાં ભારતમાં વર્ષદીઠ મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ થયેલ ખર્ચનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. જેમાં ૨૦૦૭-૦૮ થી ૨૦૧૮-૧૯ દરમિયાન ખર્ચની રજૂઆત કરવામાં આવી છે.
- ભારતમાં ૨૦૦૭-૦૮ માં બજેટમાં આ યોજના પાછળ ૭૩૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. તેમાંથી ૬૬૭૮ કરોડની ચુકવણી કરવામાં આવી હતી.
- આમ, ૨૦૧૧-૧૨ માં બજેટમાં ૧૦૩૮૦ કરોડની જોડવી કરવામાં આવી હતી . અને ૧૦૨૩૯.૦૧ કરોડની ચુકવણી કરવામાં આવી હતી. આમ આ યોજના પાછળ ખર્ચમાં સતત વધારો થયેલ છે.
- ૨૦૧૮-૧૯ બજેટમાં ૧૦૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. અને ૨૦૧૩ માં સૌથી વધારે ૧૩૨૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. આમ , સરકાર આ યોજના પાછળ ખર્ચમાં ઉત્તરોતર વધારો કરી રહી છે.

તારણો :-

- પ્રસ્તુત યોજનામાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં ભોજન પૂરું પાડવામાં આવે છે.
- પ્રસ્તુતિ યોજનામાં યોગ્ય માળખું અને તેનું વ્યવસ્થાપન કરવામાં આવે છે
- પ્રસ્તુત યોજનામાં સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવે છે જેના લીધે બાળકોના શિક્ષણમાં અને તેના જીવનધોરણમાં સુધારો થાય છે

## સંદર્ભગ્રંથો

Planning Commission, 2010; ‘Performance Evaluation of Cooked Mid-Day Meal, ‘Programme Evaluation Organisation, PEO Report No. 202, planning Commission,GOI.

Cash study 3- Rajasthan,India An Assessment of the Mid-Day Meal Scheme in Chittorgarh Distict. Social Accountability Series; August 2007.

About the Mid-Day Meal Scheme. Mid-Day Meal Scheme. [Online] 2013.[Cited: May 7,2013.] ; Available from: http://mdm.nic.in/

Gopaldas, Tara. Towards Effective School Health: The FRESH Initiative in Gujarat. Mid-Day Meal in primary school. janyuary 2004.

Mehrotya Monika, Arora Santosh and Nagar Veenu. A report of the workshop on ‘Mid-Day Meal Programmes in schools in India-the way forward’. Nutrition foundation of India.2003.